।। વેચાણ દસ્તાવેજ ।।

વેચાણ અવેજ રૂા./- પુરાના

વિક્રમ સંવત : ૨૦૭૫ ના ને, વાર : વાર, તારીખ :મી, માહે : , સને : ૨૦૧૯ નાં અંગ્રેજી દિને...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને ખરીદનાર યાને તમો પહેલા પક્ષના :-

શ્રી

ઉ. આ. વ : વર્ષ, ધંધો : ખેતી/વેપાર, જાતના : હીન્દુ,

રહેવાસી :

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં**"તમો** અગર **તમોએ** અગર **વેચાણ લેનાર-ખરીદનાર** અગર **પહેલા પક્ષના"**એ રીતે સંબોધવામા આવેલ છે, જેના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા તેઓ જાતે પોતે તથા તેમના વખતો વખતના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિકૃત પ્રતિનીધી, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીકયુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છેં.)

જોગ લી...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનારાઓ યાને વેચનાર યાને હમો બીજા પક્ષના :-

શ્રી નારાયણમુની ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહિવટકર્તા ભાગીદારો (PAN NO. ADUFS 1900 Q)

(૧) શ્રી શૈલેષભાઇ અરવિંદભાઇ કથીરીયા,

ઉ. આ. વ : ૩૨ વર્ષ, ધંધો : વેપાર, જાતના : હીન્દુ,

રહે. : ૧૩૫, આનંદ નગર સોસા., પુર્વી સોસા. પાછળ, હિરાબાગ, વરાછા રોડ, સુરત..

(૨) શ્રી નરેશકુમાર બાબુભાઇ કાનાણી,

ઉ. આ. વ : ૩૦ વર્ષ, ધંધો : વેપાર, જાતના : હીન્દુ,

રહેવાસી : સી/૨, ૪૦૧, ગોકુળ ધામ રેસીડેન્સી, મોટા વરાછા, સુરત..

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી, મોજે ગામ : પાલી ટી.પી. સ્કીમ નં. ૩૪, ફા. પ્લોટ નં. ૪૬ થી નોંધાયેલ જમીનમાં આયોજીત **ધર્મભકિત રેસીડન્સીમાં** આવેલ ફલેટ નં.   , જેનું કુલ ક્ષે.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં**"હમો** અગર **હમોએ** અગર **વેચાણ આપનાર** અગર **બીજા પક્ષના"**એ રીતે સંબોધવામા આવેલ છે, જેના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા તેઓ જાતે પોતે તથા તેમના વખતો વખતના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિકૃત પ્રતિનીધી, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીકયુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છેં.)

આથી હમો બીજા પક્ષનાઓ તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપી જણાવીએ છીએ કે :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોરાસી તાલુકાના **મોજે ગામ : પાલી**ના **સર્વે નં. ૩૩/૨** જેનો **બ્લોક નંબર : ૪૪** થી નોંધાયેલી બીનખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ**હે-આરે ૦-૭૨-૮૪ ચો.મી.** તથા પોત-ખરાબાની **હે.આરે. ૦-૦૭-૦૮ ચો.મી.**જમીન મળી કુલ્લે **હે.આરે. ૦-૭૯-૯૨ ચો.મી.** વાળી જમીન કે જેને**ટી.પી.સ્કીમ નં.૩૪ (પાલી-સચિન-કનસાડ)** લાગુ પડતા **ફાઇનલ પ્લોટ નં. ૪૬**આપવામાં આવેલ જેનુક્ષેત્રફળ **૪૭૯૫ ચો.મી.**વાળી રહેણાંક કમ વાણીજય હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેના મંજુર પ્લાન મુજબ સબડીવીઝન નં.૧ જેનુ ક્ષેત્રફળ ૧૫૨૬ ચો.મી તથા સબડીવીઝન નં.૨ જેનુ ક્ષેત્રફળ ૩૨૬૯ ચો.મી પૈકી **સબડીવીઝન નં. ૧ વાળી ૧૫૨૬ ચો.મી.**જમીનમાં આયોજીત**!! ધર્મભકિત રેસીડેન્સી !!** ના નામથી ઓળખાતી ઇમારતમાંઆવેલ ફલેટો પૈકી .... માળ ઉપર આવેલ **ફલેટ નં.** થી નોંધાયેલ ફલેટ વાળી મિલકત(કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં**" સદરહુ મિલકત "**તરીકે વર્ણવેલ છે. જેનું વિગતે વિસ્તારથી વર્ણન નીચે શિડયુલમાં દર્શાવેલ છે.) હમો બીજા પક્ષનાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળ ચાલી આવેલ છે અને જે અંગે હમો બીજા પક્ષનાને હરકોઇ પ્રકારની વહીવટ, વ્યવસ્થા, સંચાલન, વેચાણ, નિકાલ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે, તેવા હકક અને અધિકારની રૂએ સદરહુ મિલકત હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને **રૂા. /- અંકે રૂપિયા પુરા**માં વેચાણથી આપેલ છે. અને જે વેચાણ અવેજના નાણાં તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાને આજદિન સુધીમા નીચે મુજબ ની વિગતે ચુકવી આપ્યા છે સહી.

-: અવેજ મળ્યાની વિગત :-

ક્રમ	તારીખ	ચેક નં.	વિગત	રકમ રૂા.

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી, મોજે ગામ : પાલી
ટી.પી. સ્કીમ નં. ૩૪, ફા. પ્લોટ નં. ૪૬ થી નોંધાયેલ
જમીનમાં આયોજીત **ધર્મભકિત રેસીડન્સીમાં** આવેલ ફલેટ
નં. , જેનું કુલ ક્ષે.

અને આ રીતે ઉપર જણાવ્યા મુજબ, વેચાણ અવેજના નાણાં પુરેપુરા મળી ગયા બદલની આ થકી પણ હમો બીજા પક્ષના પાકી પહોંચ સ્વીકારીએ છીએ. જેથી ભવિષ્યમાં વેચાણ અવેજ ન મળ્યો કે ઓછા મળ્યાની કોઇપણ જાતની તર-તકરાર હમો બીજા પક્ષનાએ કરવા-કરાવવાની નથી અને જો કરીએ-કરાવીએ તો તે આ લેખથી રદબાતલ થાય સહી.

સદરહુ ઈમારતમાં આવેલ ફ્લેટ અંગેની અમો પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઇ હેઠળ સત્તાધિકારી પાસે રજી. નં. .... તા. ....થી નોંધણી કરાવેલ છે. અને તે અંગેનું સાટાખત અમોએ રેરા કાયદાની કલમ-૧૪ મુજબ અનું. .... થી તા. .... થી નોંધાવેલ છે. જેથી આપણે બંને પક્ષકારોએ ઉપરોકત વર્ણવેલ રેરા ના કાયદાની જુદી-જુદી કલમોનું પાલન કરવાનું રહેશે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

<u>સદરહુ વેચાણથી આપેલ મિલકતના ટાઇટલની હકીકત એવી છે કે :-</u>

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી તાલુકાનાં મોજે ગામ : પાલીનાં રે.સ.નં. ૩૩/૨ થી નોંધાયેલ જમીનના મુળ માલિક તરીકે મોહનલાલ મણીભાઇ, ડાહયાભાઇ મણીભાઇ તથા પાર્વતીબેન મણીભાઇ સ.વા. તરીકે બાઇ મણી તે મણીભાઇ ગાંડાભાઇની વિધવા ચાલી આવેલા. જે અંગે મે.ડિ.જડજ સાહેબનાં હુ. તા. ૨૯/૧૦/૧૯૩૭ મુજબ સ.વા. બાઇ મણી તે મણીભાઇ ગાંડાભાઇનું નામ કમી કરી સ.વા. તરીકે ડિ. કોર્ટનાં ના.નાજર સાહેબનું નામ દાખલ કરવામાં આવેલ. જે હુકમ અંગેની નોંધ ગામ તલાટી દફતરે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૫૩ થી તા. ૧૬/૦૧/૧૯૩૮ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિકો પૈકી પાર્વતીબેન મણીભાઇએ તા. ૨૫/૧૧/૧૯૬૪ નાં રોજ આપેલ સંમંતિદર્શક જવાબો આધારે સદરહુ જમીનમાંથી તેમનું નામ સામાયીકપણામાંથી કમી કરવામાં આવેલ.જે અંગેની નોંધ ગામ તલાટી દફતરે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૧૬૭ થી તા. ૨૫/૧૧/૧૯૬૪ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિકો પુખ્ત થતા સદરહુ જમીનમાં સ.વા. તરીકે ચાલતુ ડિ.કોર્ટના ના.નાજર સાહેબનું નામ મહે. ડિ. જડજ સાહેબનાં હુકમથી સ.વા. માંથી કમી કરવામાં આવેલ. જે હુકમ અંગેની નોંધ ગામ તલાટી દફતરે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં.

૧૭૪ થી તા. ૧૨/૦૨/૧૯૬૬ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિકો મોહનલાલ મણીભાઇ તથા ડાહયાભાઇ મણીભાઇએ સદરહુ જમીન ઉપરાંત અન્ય મિલકતોની વહેંચણ કરતા સદરહુ જમીન મોહનલાલ મણીભાઇનાં સ્વતંત્ર હિસ્સે આવેલ. જે અંગેની નોંધ ગામ તલાટી દફતરે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૧૮૭ થી તા. ૦૫/૦૩/૧૯૬૮ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મોજે ગામ : પાલીમાં એકત્રીકરણની યોજના અમલમાં આવતાં મહે. સેટલમેન્ટ કમીશ્નર અમદાવાદનાં હુકમ ક્રમાંક : ઉ.મ.શ.ક./કોન/સુરત/૪૬૫ થી તા. ૨૫/૦૧/૧૯૭૫ મુજબ સદરહુ રે.સ.નં. ૩૩/૨ થી નોંધાયેલ જમીનને બ્લોક નં. ૪૪ ફાળવવામાં આવેલ. જે હુકમ અંગેની નોંધ ગામ તલાટી દફતરે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૨૨૫ થી તા. ૨૦/૧૧/૧૯૭૫ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિક મોહનલાલ મણીભાઇનું તા. ૦૫/૦૭/૧૯૮૩ નાં રોજ અવસાન થતા સદરહુ જમીનમાંથી મર્હુમનું નામ કમી કરી તેમના સીધીલીટીનાં વારસદારોએ આપેલ સંમંતિદર્શક જવાબો આધારે લલીતાબેન તે મોહનલાલ મણીભાઇની વિધવાનું નામ વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ ગામ તલાટી દફતરે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૫૫૫ થી તા. ૦૮/૦૮/૧૯૮૩ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, ડાહયાભાઇ મણીભાઇનું તા. ૨૩/૦૨/૨૦૦૪ નાં રોજ અપરણીત અવસાન થતા સદરહુ જમીનમાંથી મર્હુમનું નામ કમી કરી તેમના આડીલીટીનાં વારસદારો તરીકે (૧) લલીતાબેન તે મોહનભાઇ મણીભાઇની વિધવા(મરણ તા. ૦૨/૦૫/૧૯૯૬), (૨) વસંતભાઇ મોહનભાઇ, (૩) ઠાકોરભાઇ મોહનભાઇ, (૪) હસમુખભાઇ મોહનભાઇ, (૫) ગીતાબેન મોહનભાઇ તથા (૬) નિર્મળાબેન મોહનભાઇના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૧૪૫૮ થી તા. ૧૮/૧૦/૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ તા. ૧૭/૦૧/૨૦૦૯ નાં રોજડાહયાભાઇ

મણીભાઇનાં આડીલીટીનાં વારસદારોની વિગતો પેઢીમાં જણાવેલ ન હોઇ, સદર નોંધ રદ કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિક લલીતાબેન તે મોહનલાલ મણીભાઇની વિધવાનું તા. ૦૨/૦૫/૧૯૯૬ નાં રોજ અવસાન થતા સદરહુ જમીનમાંથી મર્હુમનું નામ કમી કરી તેમના સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) વસંતભાઇ મોહનભાઇ, (૨) ઠાકોરભાઇ મોહનભાઇ, (૩) હસમુખભાઇ મોહનભાઇ, (૪) ગીતાબેન મોહનભાઇ તથા (૫) નિર્મળાબેન મોહનભાઇના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૧૫૭૧ થી તા. ૧૬/૦૭/૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ તા. ૨૫/૦૯/૨૦૦૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિકો (૧) વસંતભાઇ મોહનભાઇ, (૨) ઠાકોરભાઇ મોહનભાઇ, (૩) હસમુખભાઇ મોહનભાઇ, (૪) ગીતાબેન મોહનભાઇ તથા (૫) નિર્મળાબેન મોહનભાઇ પાસેથી સદરહુ બ્લોક નં. ૪૪ વાળી જમીન ઘનશ્યામભાઇ રમેશભાઇ સાકડાસરીયા તથા શિલ્પાબેન ઘનશ્યામભાઇ સાકડાસરીયાએ વેચાણ દસ્તાવેજનીરૂએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. ચોર્યાસીનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૨૭ થી તા. ૧૨/૦૧/૨૦૧૬ નાં રોજ નોંધાયેલ છે. જે વેચાણઅંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૨૦૬૨ થી તા. ૧૨/૦૧/૨૦૧૬ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ તા. ૦૪/૦૩/૨૦૧૬ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોરાસી તાલુકાના **મોજે ગામ : પાલી**ના **સર્વે નં. ૩૩/૨** જેનો **બ્લોક નંબર : ૪૪** થી નોંધાયેલી ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ**હે-આરે ૦-૭૨-૮૪ ચો.મી.** તથા પોત-ખરાબાની **હે.આરે. ૦-૦૭-૦૮ ચો.મી.**જમીન મળી કુલ્લે **હે.આરે. ૦-૭૯-૯૨ ચો.મી.** ખેતીની જમીન કે જેને**ટી.પી.સ્કીમ નં.૩૪ (પાલી-સચિન-કનસાડ)** લાગુ પડતા **ફાઇનલ પ્લોટ નં. ૪૬**આપવામાં આવેલ છે જેનેફાઇનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ **૪૭૯૫ ચો.મી.** ફાળવવામાં આવેલ છે.

<u>પ્લાન અને ડેવલપમેન્ટ પરમીશનઃ-</u>

સદરહું જમીનમાં જમીન માલીકો દ્વારા સુરત શહેરી વિકાસ સત્તા મંડળ(સુડા)માં રહેણાંક કમ વાણીજય હેતુ માટે પ્લાન પાસની પરવાનગી મેળવવા અરજી કરવામાં આવેલી અને તેના

અનુસંધાનમાં સુરત શહેરી વિકાસ સત્તા મંડળ(સુડા)એ હુકમ નં. સુડા/વિપઅ/યુ.૪/પાલ/૦૦૩૩, ૦૨૦૫,૦૨૦૬/૧૬-૧૭ થી તા. ૨૧/૧૦/૨૦૧૬ ના રોજ થી પ્લાન પાસ તથા રજાચીઠીની પરવાનગી આપેલ. જે મંજુર પ્લાન મુજબ સબડીવીઝન નં.૧ જેનુ ક્ષેત્રફળ ૧૫૨૬ ચો.મી તથા સબડીવીઝન નં.૨ જેનુ ક્ષેત્રફળ ૩૨૬૯ ચો.મી. ફાળવવામાં આવેલ.

<u>બીનખેતીની મંજુરી :-</u>

ત્યારબાદ, સદરહુ જમીન રહેણાંક હેતુ માટે બીનખેતીમાં તબદીલ કરાવવા મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાને અરજી કરતા, સદર અરજીના અનુસંધાનમાં તેમના હુકમ ક્રમાંક નં. એ/બખપ/એસઆર નં. ૨૨૫/ ૨૦૧૭/આઇ.ડી.નં. ૧૦૭૧૧૨/વશી.૩૯૪૮ થી ૩૯૬૨/૨૦૧૭, તા. ૦૭/૦૬/૨૦૧૭ થી ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૩૪(પાલી-સચીન-કનસાડ) ફા. પ્લોટ નં. ૪૬ ની ૪૭૯૫ ચો.મી. જમીન રહેણાંક કમ વાણીજય હેતુમાટે બીનખેતીમાં તબદીલ કરતો હુકમ કરવામાંઆવેલ છે. જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૨૧૭૭ થી તા. ૧૦/૦૯/૨૦૧૭ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ તા. ૧૫/૧૧/૨૦૧૭ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિકો ઘનશ્યામભાઇ રમેશભાઇ સાકડાસરીયા તથા શિલ્પાબેન ઘનશ્યામભાઇ સાકડાસરીયા પાસેથી સદરહુટી.પી.સ્કીમ નં.૩૪ (પાલી-સચિન-કનસાડ), ફાઇનલ પ્લોટ નં. ૪૬ વાળી ૪૭૯૫ ચો.મી. રહેણાંક કમ વાણીજય હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેના મંજુર પ્લાન મુજબ સબડીવીઝન નં. ૧ વાળી ૧૫૨૬ ચો.મી. જમીન મે. ન્યાલકરણ ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહિવટકર્તા ભાગીદારો (૧) શ્રી શૈલેશભાઇ મનુભાઇ ચોડવડીયા તથા (૨) શ્રી નરેશકુમાર બાબુભાઇ કાનાણીએ વેચાણ દસ્તાવેજનીરૂએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. કુંભારીયાનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૫૩૩૦ થી તા. ૧૪/૦૯/૨૦૧૮ નાં રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંઘ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૨૩૨૩ થી તા. ૧૬/૧૦/૨૦૧૮ નાં રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૧૮/૧૨/૨૦૧૮ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીન માલિકોમે. ન્યાલકરણ ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહિવટકર્તા ભાગીદારો (૧) શ્રી શૈલેશભાઇ મનુભાઇ ચોડવડીયા તથા (૨) શ્રી નરેશકુમાર બાબુભાઇ કાનાણીપાસેથી સદરહુટી.પી.સ્કીમ નં.૩૪ (પાલી-સચિન-કનસાડ), ફાઇનલ પ્લોટ નં.

૪૬ વાળી ૪૭૯૫ ચો.મી. રહેણાંક કમ વાણીજય હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેના મંજુર પ્લાન મુજબ સબડીવીઝન નં. ૧ વાળી ૧૫૨૬ ચો.મી. જમીન હમો બીજા પક્ષના યાને કે મે. શ્રી નારાયણમુની ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહિવટકર્તા ભાગીદારો(૧) શ્રી શૈલેષભાઇ અરવિંદભાઇ કથીરીયા તથા (૨) શ્રી નરેશકુમાર બાબુભાઇ કાનાણીએ વેચાણ દસ્તાવેજનીરૂએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. કુંભારીયાનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૭૩૦૨ થી તા. ૨૯/૧૨/૨૦૧૮ નાં રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંઘ રેવન્યુ રેકર્ડ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નં. ૨૩૮૬ થી તા. ૧૭/૦૧/૨૦૧૯ નાં રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૦૭/૦૩/૨૦૧૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.આમ, ત્યારથી સદરહુ જમીનનાં હમો બીજા પક્ષના માલિક, કબજેદાર બનેલા અને ચાલી આવેલા.

<u>સોસાયટીનું આયોજન :-</u>

આમ, સદરહુ જમીનમાં ઉપરોકત પરવાનગીઓનાં આધારે હમો બીજા પક્ષના યાને કેશ્રી નારાયણમુની ડેવલોપર્સ એક ભાગીદારી પેઢીએ રહેઠાણનાં હેતુ માટે **!! ધર્મભકિત રેસીડેન્સી !!** ના નામથી ઓળખાતી ઇમારતનું આયોજન કરવામાં આવેલ. જેમાં આવેલ ફલેટો પૈકી .... માળ ઉપર આવેલ **ફલેટ નં.** થી નોંધાયેલફલેટ વાળી મિલકત હમો બીજા પક્ષનાના કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ. આમ, તમો પહેલા પક્ષના સદરહુ મીલકત હમો બીજા પક્ષના પાસેથી વેચાણથી રાખવા માંગતા હોય, હમો બીજા પક્ષના, તમો પહેલા પક્ષનાને સદરહુ મિલકત ઉપર જણાવ્યા મુજબ કિંમતી વેચાણ અવેજમા વેચાણથી આપીએ છીએ અને જે અંગેનો આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે.

સદરહુ તમો પહેલા પક્ષનાના કિંમતી વેચાણ અવેજના બદલામાં સદરહુ મિલકતનો કુલ, સંપુર્ણ, ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો હમો બીજાપક્ષનાએ તમો પહેલા પક્ષનાને સ્થળ ઉપર સુપ્રત કરેલ છે. અને જે તમો પહેલા પક્ષનાએ જોઇ, તપાસી, માપી, બાંધકામની ગુણવત્તા અંગે ખાત્રી કરી કરાવીને માલીકી હકકે હમો બીજા પક્ષના પાસેથી, સ્થળ ઉપર હાજર રહી સ્વીકારેલ છે અને એ રીતે સદરહુ મિલકતના કબજા તેમજ બાંધકામની ગુણવત્તાઅંગે હમો બીજા પક્ષનાએ

કે તમો પહેલા પક્ષનાએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની રહેશે નહી અને જો કરવા-કરાવવામા આવે તો તે આથી રદબાતલ થાય સહી.

પહેલા પક્ષકારે સદર બીલ્ડીંગના એલીવેશમાં એટલે કે દર્શનના ભાગમાં તથા બારીઓ તેમજ સ્ટ્રકચરમાં કોઇપણ ફેરફાર કરવાનો નથી તેમજ રાસુકી વપરાશની સગવડો જેવી કે પેસેજ લાઇટ, પાર્કીગ વિગેરેનો અન્ય હીસ્સેદારો સાથે મળીને રાસુકો વપરાશ કરવાનો છે તેમજ પેસેજની કે પાર્કીગની જગ્યામાં કોઇ સર-સામાન મુકવાનો નથી, તેમજ ફલેટવાળી મીલકતમાં પાણીની ટાંકીઓ મુકી શકશે નહી.સદરહુ ફ્લેટ વાળી મીલકતના એલીવેશનમાં કે સ્ટ્રકચરલ ડિઝાઇનમાં કે ગ્રીલ ડીઝાઇનમાં પહેલા પક્ષકારે કોઇ ફેરફાર કરવાનો નથી.તમો પહેલા પક્ષકારે સદરહુ મીલકતનો ઉપયોગ અન્ય ફ્લેટ હોલ્ડરોને નુકશાન થાય નહીં તે રીતે કરવાનો છે. સદરહુ ફ્લેટ વાળી મિલકત કે સંપુર્ણ ઇમારતમાં કે તેના કોઇ પણ ભાગમાં તમો પહેલા પક્ષનાએ કોઇ પણ પ્રકારની ગંદકી કરવાની નથી કે બારીમાંથી કમ્પાઉન્ડમાં કચરો નાંખવાનો નથી કે કોઇપણ પ્રકારનું પ્રદુષણ કરવાનું નથી. તેવી સ્પષ્ટ શરત સહિત નીચે જણાવેલી મીલકત વેચાણ આપેલ છે.

સદરહુ વેચાણ આપેલ મિલકત હમો બીજા પક્ષનાએ તમો વેચાણ રાખનાર યાને પહેલા પક્ષના સિવાય અન્ય કોઇનેવેચાણથી, બક્ષિસથી કે અન્ય કોઇ રીતે લખી આપેલ નથી તેમજ તેના વેચાણ અંગેના અન્ય કોઇને લખાણ, સાટાખત કે કરાર લખી આપેલ નથી. તેમજ તે કોઇને અવલજપ્તીમાં કે જામીનગીરીમા લખી આપેલ નથી કે તેના ઉપર કોઇનો ખોરાકી પોષાકીનો કે હવા-ઉજાસનો કે અન્ય કોઇપણ પ્રકારના ઇઝમેન્ટના હકકો નથી. તેમજ તે કોઇ કોર્ટનાં કે અન્ય કોઇપણ પ્રકારના તકરારી યા કાનુની પ્રકરણમાં સંડોવાયેલી નથી તેમજ તેના ઉપર ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ યા અન્ય કાયદા અન્વયે કોઇ ચાર્જ કે બોજો નથી. તેમજ તેમા કોઇનો કોઇપણ પ્રકારનો માલીકી હકક, હિત, હિસ્સા કે લાગ-ભાગ કે દર-દાવો નથી યાને કે સદરહું મિલકત તદ્દન ચોખ્ખે ચોખ્ખી ટાઇટલવાળી છે. અને જે તમો પહેલા પક્ષનાએ જાતે જોઇ તપાસી ખાતરી કરી-કરાવડાવી લીધા બાદ જ સદરહુ મિલકત તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના પાસેથી ઉપર જણાવ્યા મુજબના કિંમતી વેચાણ અવેજમાં વેચાણથી રાખવા માંગણી કરતા, હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સદરહુ મિલકત વેચાણથી આપેલ છે સહી.

સદરહુ મિલકત હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને હરહંમેશ યાને યાવતચંદ્ર દિવાકરોકાળને માટે આ વેચાણ દસ્તાવેજનીરૂએ વેચાણથી આપેલ છે અને તમો પહેલા પક્ષનાના

માલીકીપણામાં તથા વહીવટ, ભોગવટામાં સુપ્રત કરી દીધેલ છે. અને સદરહુ મિલકતના હમો બીજા પક્ષના જેવા માલિક, મુખત્યાર હતા તેવા જ તમો પહેલા પક્ષનાને સંપુર્ણ અને સ્વતંત્ર, માલિક અને મુખત્યાર કબજેદાર બનાવ્યા હોવાથી માલિક તરીકે સદરહુ મિલકત તમો પહેલા પક્ષના હરકોઇને પણ વેચાણથી યા હરકોઇ રીતે લખી આપો, તેની ઉપર નાણાંકીય લોન ઉપાડો, તેમજ તે હરકોઇને ઇકવીટેબલ મોરગેજમાં લખી આપો તથા હરકોઇ પ્રકારે ઉપયોગ, ઉપભોગ, વપરાશ કરો-કરાવો, જાતે વસો-વસાવો ટુંકમાં, તમો તમારી ઇચ્છા મુજબ સદરહુ મિલકતનો હરકોઇ પ્રકારના વહીવટ, વ્યવસ્થા કરી-કરાવી શકો સહી. જેમા હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ વાલી વારસોએ કોઇએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની નથી અને તેમ કરવા-કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજ થકી રદબાતલ ગણાય સહી.

સદરહુ મિલકત પર કોઇના જવા-આવવાના, હવા-ઉજાસના, પાણી નિકાલના કે બીજી કોઇપણ રીતના ઇઝમેન્ટના હકકો નથી. હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણથી આપેલી મિલકત **!! ધર્મભકિત રેસીડેન્સી !!** ના નામથી ઓળખાતી ઇમારતમાં આવેલ એક ફ્લેટ/યુનીટ છે. આથી સદરહુ મિલકતવાળા બીલ્ડીંગમાં આવેલ પાર્કીંગ, દાદર, પેસેજ, લીફટ, પાણીની સગવડ માટેની લાઇન તથા અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકી, કોમન લાઇટીંગના વાયરો, ડ્રેનેજ લાઇનના જ સદરહુ બીલ્ડીંગમાંના અન્ય ફ્લેટ/યુનીટ હોલ્ડરોની સાથે સહીયારા છે. તે તમામ તથા સદરહુ બિલ્ડીંગવાળી કુલ્લે યોજના/ સોસાયટીમાં આપવામાં આવેલ સહીયારી સગવડો જેવી કે ઓપન સ્પેસ, પાર્કીંગ, વિગેરેના નિભાવ માટેફ્લેટહોલ્ડરોનું એસોસીએશન બનાવવામાં આવે તેમાં તમો પહેલા પક્ષનાએ ફરજીયાતપણે સભાસદ થવાનું રહેશે. **!! ધર્મભકિત રેસીડેન્સી !!** ના સભ્યો દ્વારા ભવિષ્યમાં એસોસિએશન અગર સહકારી સોસાયટી બનાવવામાં આવે તો તેમા તમો પહેલા પક્ષનાઓએ ફરજીયાત સભ્ય થવાનુ રહેશે સહી. સદર બિલ્ડીંગના વહીવટ માટે એસોસીએશન જે કોઇ નિયમો બનાવે તે નિયમોનું તમો પહેલા પક્ષનાએ પાલન કરવાનું રહેશે અને તેના નિભાવ વિગેરે અંગે આવતા વેરા, નિભાવ ખર્ચ વિગેરે તમામ ખર્ચાઓ અંગે ફાળે પડતો ખર્ચ તમામ ફ્લેટ / યુનીટહોલ્ડરોએ નિભાવવાનો રહેશે સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણથી આપેલ મિલકતવાળા **!! ધર્મભકિત રેસીડેન્સી !!** માંના સદરહુ બિલ્ડીંગમાં તેમજ અન્ય રાસુકી સગવડોમાં અમો બીજા પક્ષનાને જેવા અને જેટલા હકક અને અધીકારોમળેલા હતા તેવા અને તેટલા જ હકક અને અધીકારો સાથે સદરહું મિલકત

વેચાણ કરેલ હોઇ,અને એ રીતેની સ્પષ્ટ શરતો સાથે જ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સદરહુ મિલકત વેચાણથી આપી આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

સદરહુ વેચાણ આપેલ મિલકત અંગેના આજદિન સુધીના તમામ ટેક્ષ, વેરાઓની રકમ હમો બીજા પક્ષનાએ ભરપાઇ કરી દીધેલ છે. તેમ છતાં કોઇ મહેસુલ, વેરાની રકમ ભરપાઇ કરવાની બાકી રહેતી હોય તો તે હમો બીજા પક્ષનાએ ભરવાની રહેશે સહી. તેમજ આજદિન પછીની મજકુર ફ્લેટ મીલકત અંગેના જે કાંઇ વેરા, ટેક્ષ, વિગેરેની રકમ ભરવાની આવે તે તમામ રકમ તમો પહેલા પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે.

હમો બીજા પક્ષનાએ વેચાણથી આપેલ સદરહુ મિલકત સરકારી, અર્ધ સરકારી કચેરીઓ તથા ગ્રામ પંચાયત, મામલતદાર, સીટી સર્વે કચેરી, ટોરેન્ટ પાવર લિ./દ.ગુ. વિજ કાં. વિગેરે હરકોઇ દફતરે તમો પહેલા પક્ષના તમારા નામ ઉપર દાખલ કરાવી શકો અને તે અંગે હમો બીજા પક્ષનાની સહીઓ, કબુલાતો, જવાબો, સ્ટેટમેન્ટો વિગેરેની જરૂર પડે તે તમામ હમો બીજા પક્ષના વિના તકરારે અને વિના અવેજે આપવાની રહેશે સહી અગર તો આ વેચાણ દસ્તાવેજ થકી હમો બીજા પક્ષનાની સહીઓ તથા સંમતિઓ ગણી લઇ તમો પહેલા પક્ષનાના નામે ટ્રાન્સફર કરી-કરાવી શકો સહી. અને સદરહુ મિલકત અંગેના જે તે દફતરે હમો બીજા પક્ષનાનું નામ કમી કરાવી, તમો પહેલા પક્ષનાનુ નામ દાખલ કરાવવા અંગે તમો પહેલા પક્ષના દ્વારા કસુર થયે, ભવિષ્યમાં જે કાંઇ સરકારી અર્ધ સરકારી કચેરીના દંડ યા ભરણા ભરવાના નિકળી આવે તેની જવાબદારી તમો પહેલા પક્ષનાની છે અને રહેશે સહી.

હમો વેચાણ આપનાર સ્પષ્ટતા કરીએ છીએ કે, સદરહું વેચાણ દસ્તાવેજના લખાણમાં કોઇ ટેકનીકલ ભુલ થયેલ હોય અને જેના કારણે ભવિષ્યમાં સુધારાનો દસ્તાવેજ કરવાની જરૂરીયાત ઊભી થાય તો અમો વેચાણ આપનારાઓ તથા વેચાણ આપનારના વંશ, વાલી વારસોએ ખરીદનાર પાસે વધારાનો કોઇ પણ જાતનો અવેજ લીધા વગર સુધારાનો દસ્તાવેજ તમો વેચાણ રાખનારના ખર્ચે કરી આપવાનો રહેશે. જેનો અમો વેચાણ આપનાર સ્વીકાર કરીએ છીએ. અને કબુલ મંજુર છે.

જો આ કરારની કોઇ જોગાવઇ લાગુ કરી શકાય તેમ ન હોય કે જે નિયમો અને અધિનિયમો અને કાયદા હેઠળ બનાવવામાં આવી હોય અથવા અનય લાગુ કાયદા હેઠળ તો તેવી જોગવાઇમાં સુધારો કરવામાં આવશે અથવા તેને દુર કરવામાં આવશે કે જે આ કરારના હેતું સાથે સુસંગત ન હોય અને જે કાયદા અને જે કાયદા અને નિયમો અને અધિનિયમાપે હેઠળ

બનાવવામાં આવેલ હોય તેની સાથે સાનુકુળ છે કે નહી તે જાણી અને આ કરારની બાકીની જોગવાઇઓ જે લાગુ પાડી શકાય તેમ હોય કે જે આ કરાર કરતી વખતે લાગુ પડતી હોય તેને કાયમ રાખવામાં આવશે.

કાયદાની જોગવાઇ પ્રમાણે એલોટીને પ્રોજેકટમાં થયેલ તેનું એલોટ રદ કરવા અથવા પરત ખેંચવા અધિકાર રહેશે. પરંતુ એલોટી કબુલ થાય છે તથા કન્ફર્મ કરે છે કે, જયારે પ્રમોટરની કોઇ ચુક કે ભુલ ન હોવાના કારણે એલોટી કરાર રદ કરવા અથવા પરત ખેંચવા દરખાસ્ત મુકે તો પ્રમોટર એલોટમેન્ટ માટે ચુકવાયેલ અનામનતી રકમ જપ્ત કરવા અધિકૃત રહેશે. અનામતની રકમ બાદ કરી બાકીની ચુકવાયેલ તમામ રકમ પ્રમોટર એલોટમેન્ટ માટે ચુકવાયેલ અનામતની રકમ જપ્ત કરવા અધિકૃત રહેશે. અનામતની રકમ બાદ કરી બાકીની ચુકવાયેલ તમામ રકમ પ્રમોટર આ રદ્દીકરણની તારીખથી ૪૫-પિસ્તાલીસ દિવસમાં પરત કરશે.

THE PROMOTER SHALL NOT HAVE ANY CLAIM OVER F.S.I., ADDITIONAL F.S.I AND TERRACE RIGHTS AFTER BUILDING USE PERMISSION HAS BEEN OBTAINED, SUCH RIGHTS IF ANY WILL BE ENCLOSED BY SOCIETY OF BUYERS

આ કરારની બોલીઓ તથા શરત સબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે...બાબત અરસ-પરસ સંમતિથી ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નીવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ)એકટ-૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ નિમવામાં આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

આ સદરહુ મીલકત અંગેના વેચાણ દસ્તાવેજમાં બજાર કિંમત પ્રમાણે નો જનરલ સ્ટેમ્પ પેપર વાપરવામાં આવેલ છે. તેમજ સદરહુ મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજના તમામ ખર્ચ જેવાકે સ્ટેમ્પ ખર્ચ,રજી. ફી, વકીલ ફી વિગેરે પ્રથમ પક્ષનાએ ભોગવેલ છે. સદરહુ મિલકતની બજાર કિંમત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ જંત્રી પ્રમાણે કાયદેસર રીતે નકકી કરવામાં આવેલ છે. તેમ છતા ભવિષ્યમાં જો સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન એકટ મુજબ જો કોઇ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તે પ્રથમ પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે સહી અને તમો પ્રથમ પક્ષનાએ જે કંઇ વધારાની રકમ સ્ટેમ્પ ડયુટી પેટે ભરપાઇ કરો તો તેના આધારે કોઇ વધારાની રકમ અમોને અવેજ તરીકે મળેલ ગણાશે નહી.

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી, મોજે ગામ : પાલી
ટી.પી. સ્કીમ નં. ૩૪, ફા. પ્લોટ નં. ૪૬ થી નોંધાયેલ
જમીનમાં આયોજીત **ધર્મભકિત રેસીડન્સીમાં** આવેલ ફલેટ
નં.   , જેનું કુલ ક્ષે.

-: શિડયુલ :-
।। વેચાણ આપેલ જમીનવાળી મિલકતની વિગત ।।

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોરાસી તાલુકાના **મોજે ગામ : પાલી**ના **સર્વે નં. ૩૩/૨** જેનો **બ્લોક નંબર : ૪૪** થી નોંધાયેલી બીનખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ**હે-આરે ૦-૭૨-૮૪ ચો.મી.** તથા પોત-ખરાબાની **હે.આરે. ૦-૦૭-૦૮ ચો.મી.**જમીન મળી કુલ્લે **હે.આરે. ૦-૭૯-૯૨ ચો.મી.** વાળી જમીન કે જેને**ટી.પી.સ્કીમ નં.૩૪ (પાલી-સચિન-કનસાડ)** લાગુ પડતા **ફાઈનલ પ્લોટ નં. ૪૬**આપવામાં આવેલ જેનુક્ષેત્રફળ **૪૭૯૫ ચો.મી.**વાળી રહેણાંક કમ વાણીજય હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેના મંજુર પ્લાન મુજબ સબડીવીઝન નં.૧ જેનુ ક્ષેત્રફળ ૧૫૨૬ ચો.મી તથા સબડીવીઝન નં.૨ જેનુ ક્ષેત્રફળ ૩૨૬૯ ચો.મી પૈકી **સબડીવીઝન નં. ૧ વાળી ૧૫૨૬ ચો.મી.** જમીનમાં આયોજીત**!! ધર્મભક્તિ રેસીડેન્સી !!** ના નામથી ઓળખાતી ઈમારતમાં આવેલ ફલેટો પૈકી .... માળ ઉપર આવેલ **ફલેટ નં.** થી નોંધાયેલ ફલેટ વાળી મિલકતકે જેનુંબિલ્ટઅપ એરીયાનુંસુમારે ક્ષેત્રફળ .... ચો.મી. યાને .... ચો.વાર તથા કારપેટ એરીયાનુંસુમારે ક્ષેત્રફળ .... ચો.મી. યાને .... ચો.વાર વાળી ફલેટ મિલકત તથા ઈમારતની તળની જમીનમાં અન્ય ફલેટ હોલ્ડર્સ સાથે ફાળે પડતા વણ-વહેંચાયેલા હિસ્સાની ....ચો.મી. સહિતની ફલેટ મિલકત તથા તેનેલાગતા-વળગતા અંદરના,બહારનાતમામ હકક-અધિકાર સહિતનીકુલ્લે મિલકતદરોબસ્ત.

<u>જેની ચતુરસીમા નીચે મુજબ છે.</u>

પુર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ, હમારી રાજીખુશીથી અને સ્વૈચ્છાએ તન-મનની સંપૂર્ણ સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સાંભળી, સમજી, વિચારી, કોઇના કોઇપણ પ્રકારના દાબ-દબાણ કે ધાક-ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે. જે હમોને તથા હમારા વંશવાલી વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી, મોજે ગામ : પાલી
ટી.પી. સ્કીમ નં. ૩૪, ફા. પ્લોટ નં. ૪૬ થી નોંધાયેલ
જમીનમાં આયોજીત **ધર્મભક્તિ રેસીડન્સીમાં** આવેલ ફલેટ
નં. , જેનું કુલ ક્ષે.

અત્રે...મતુ, તત્રે...શાખ.

શ્રી નારાયણમુની ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી

વતી અને તરફે તેના વહિવટકર્તા ભાગીદારો

------------------------------------ ------------------------------------

શ્રી શૈલેષભાઇ અરવિંદભાઇ કથીરીયા, **સાક્ષી**

------------------------------------ ------------------------------------

શ્રી નરેશકુમાર બાબુભાઇ કાનાણી, **સાક્ષી**

-:: વેચાણ આપેલ મીલકતનો ફોટો ::-

મિલકતની વિગત :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોરાસી તાલુકાના **મોજે ગામ : પાલી**ના **ટી.પી.સ્કીમ નં.૩૪, ફાઇનલ પ્લોટ નં. ૪૬**વાળી જમીન જેના મંજુર પ્લાન મુજબ **સબડીવીઝન નં. ૧ વાળી ૧૫૨૬ ચો.મી.** જમીનમાં આયોજીત**!! ધર્મભકિત રેસીડેન્સી !!** ના નામથી ઓળખાતી ઇમારતમાં આવેલ **ફલેટ નં.** થી નોંધાયેલ ફલેટ વાળી મિલકત

ખરીદનારની સહી :- ....

વેચનારની સહી :- ....

નોંધણી અધિનિયમની કલમ ૩૨-એ મુજબ ફરજીયાત ફોટા તથા અંગુઠાની શાખ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી.

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી, મોજે ગામ : પાલી ટી.પી. સ્કીમ નં. ૩૪, ફા. પ્લોટ નં. ૪૬ થી નોંધાયેલ જમીનમાં આયોજીત **ધર્મભકિત રેસીડન્સીમાં** આવેલ ફલેટ નં. , જેનું કુલ ક્ષે.

<u>**વેચાણ આપનાર :-**</u>

શ્રી નારાયણમુની ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના વહિવટકર્તા ભાગીદારો

(૧) શ્રી શૈલેષભાઇ અરવિંદભાઇ કથીરીયા,

સહી.......................................

(૨) શ્રી નરેશકુમાર બાબુભાઇ કાનાણી,

સહી.......................................

<u>**વેચાણ રાખનાર :-**</u>

શ્રી

સહી.......................................

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોરાસી, મોજે ગામ : પાલી ટી.પી. સ્કીમ નં. ૩૪, ફા. પ્લોટ નં. ૪૬ થી નોંધાયેલ જમીનમાં આયોજીત **ધર્મભકિત રેસીડન્સીમાં** આવેલ ફલેટ નં.   , જેનું કુલ ક્ષે.